ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ

ગુરુવાર ૫ સપ્ટેમ્બર, ૨૦૨૪ | દાહોદ કાર્યાલય : સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785 

## સંક્ષિપ્ત સમાચાર

### કાલોલ તાલુકા ક્ષત્રિય કેળવણી મંડળની કારોબારી બેઠકમાં હોદ્દેદારોની વરણી



**કાલોલ :** કાલોલ તાલુકા ક્ષત્રિય કેળવણી મંડળની કારોબારી બેઠક મળી જેમાં બધા સભ્યોની સહમતીથી કાલોલ તાલુકા ક્ષત્રિય સમાજના પ્રમુખ તરીખે માનનીય 18 લોકસભાના સાંસદ રાજપાલસિંહ જાદવસાહેબની નિમણૂંક કરવામાં આવી ઉપપ્રમુખ તરીખે નરવતસિંહ પરમાર અને છત્રસિંહ સોલંકીની પસંદગી કરવામાં આવી, મહામંત્રી તરીખે ભુપેન્દ્રભાઈ પરમાર સહમંત્રી તરીખે ઉદેસિંહ ચૌહાણ,ખજાનજી તરીખે ડૉ કિરણસિંહ પરમાર, કારોબારી અધ્યક્ષ ગુણવંતસિંહ પરમાર ની નિમણૂંક કરવામાં આવી.

### જેસાવાડા ખાતે ધારાસભ્યની અધ્યક્ષતામાં 75માં તાલુકા કક્ષાનો વન મહોત્સવ યોજાયો



**ગરબાડા :** ગરબાડા તાલુકાના જેસાવાડા આઈ. ટી.આઇ ખાતે ગરબાડા ના ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોરની અધ્યક્ષતામાં ૭૫ માં તાલુકા કક્ષાના વન મહોત્સવ કાર્યક્રમ ની ઉજવણી કરવામાં આવી હતી જે કાર્યક્રમમાં પર્યાવરણ વિશે જનજાગૃતિ તેમજ એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગરબાડા તાલુકા પંચાયત પ્રમુખ મયુરભાઈ ભાભોર,ગરબાડા મામલતદાર,તાલુકા વિકાસ અધિકારી સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

### લીમખેડા તાલુકાના પાલ્લી ગામે એક ટ્રેક્ટરના ચાલકે મહિલાને અડફેટે લેતા મોત

**ગરબાડા :** દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના પાલ્લી ગામે એક ટ્રેક્ટરના ચાલકે રસ્તે ચાલતી જતી એક ૪૫ વર્ષિય અસ્થિર મગજની મહિલાને અડફેટમાં લેતાં મહિલાનું મોત નીપજ્યાંનું જાણવા મળે છે. ગત તા.૦૨ સપ્ટેમ્બરના રોજ એક ટ્રેક્ટરના ચાલકે પોતાના કબજાનું ટ્રેક્ટર પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી પાલ્લી ગામેથી ચાલતા પસાર થઈ રહેલા એક ૪૫ વર્ષિય અસ્થિર મગજની મહિલાને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારતાં મહિલાને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેઓને ગંભીર ઈજાઓ પહોંચતાં મહિલાનું મોત નીપજ્યું હતું. આ સંબંધે યશકુમાર કિરીટકુમાર ગુર્જર દ્વારા લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### દાહોદ જિલ્લાના સદસ્યતા અભિયાનનો શુભારંભ અંતર્ગત કમલમ ખાતે કાર્યક્રમ યોજાયો



**દાહોદ :** દાહોદ જિલ્લાના સદસ્યતા અભિયાન નો શુભારંભ માન. જિલ્લા અધ્યક્ષ શંકરભાઈ આમલિયારની ઉપસ્થિતિમાં દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોર ને પ્રાથમિક સદસ્ય બનાવીને કરવામાં આવ્યો હતો. ત્યાર પછી રાજ્ય મંત્રી બચુભાઇ ખાબડ , જિલ્લા પ્રમુખ શંકર આમલિયચાર, જિલ્લા પંચાયતના પ્રમુખ કરણસિંહ ડામોર ને પ્રાથમિક સદસ્ય બનાવવ્યા હતા. ત્યાર પછી દાહોદ જિલ્લાના વિવિધ વિધાનસભામાંથી મળી કુલ 6 લાખ સદસ્ય બનાવવાનું બીડું જિલ્લા પ્રમુખ દ્વારા ઝડપવામાં આવ્યું હતું અને જિલ્લા સદસ્યતા ની ઉપયોગિતા, તેનું મહત્વ માત્ર વોટ કે પાર્ટીના સભ્ય પૂરતું નથી પણ તેની સાથે આપડે સામાજિક રીતે જોડાઈ જતા હોઈએ છે તેવું જસવંતસિંહ ભાભોર દ્વારા જણાવવામાં આવ્યું હતું આ પ્રસંગે જિલ્લાના બન્ને મહામંત્રીઓ નરેન્દ્ર સોની અને સ્નેહાળ ધરિયા તથા કાર્યાલય મંત્રી હીરાલાલ સોલંકી એ કાર્યક્રમનું વ્યવસ્થા કરી હતી જેમાં મોટી સંખ્યામાં જિલ્લામાંથી પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### દાહોદ જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગ દ્વારા વિવિધ રોગો વિશે ઓરીએન્ટેશન વર્કશોપ યોજાયો



**દાહોદ :** જીલ્લા આરોગ્ય વિભાગના નવા તબીબોનો ચોમાસાની ઋતુમાં રોગચાળા નિયંત્રણ કલોરીનેશન સગર્ભા માતાઓની સંભાળ પાણીજન્ય અને મચ્છર જન્ય રોગો વિશે ઓરીએનટેશન વર્કશોપ ચોજાયો. આજ રોજ દાહોદ જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગ દ્વારા ઠક્કર બાપા હોલ ખાતે દાહોદ જીલ્લા માં હાલમાં હાજર થયેલ નવા બોન્ડેડ/ રેગ્યુલર/ વનબંધુ મેડીકલ ઓફિસરની આરોગ્ય લક્ષી પ્રોગ્રામ બાબતે તથા હાલમાં ચોમાસાની ઋતુમાં રોગચાળા નિયંત્રણ બાબતે, કલોરીનેશન સગર્ભા માતાઓની સંભાળ પાણીઅને મચ્છર જન્યરોગો અને OPD સેવાઓ વધુને વધુ લાભાર્થીઓને મળે તે બાબતે ઓરીએનટેશન વર્કશોપ કરવામાં આવ્યો હતો.

**બંન્ને નામ વાળી વ્યક્તિ એક જ છે**

આથી હું એન્થોની સુલેમાન મેકવાન (Macwan) તથા એન્થોની સુલેમાન મેકવાન (Makwan) બન્ને નામ વાળી વ્યક્તિ હું પોતે એક જ છું. રહેઠાણ: ઈ-૫૦૩, ક્રિષ્ના પ્રાઈમ, વિહલ ધામ સોસાયટી સામે, છાણી જકાતનાકા, વડોદરા.

---

#### દાહોદના ચકચારી બિનખેતી પ્રકરણમાં કાર્યવાહી 50 કર્મીઓની ટીમ કામે લાગી

## 9500 પ્રોપર્ટી કાર્ડમાંથી 934 સર્વે નંબરોની તપાસ હાથ ધરાઈ

**બિનખેતીના હુકમોની ખરાઈ સાથે સાથે ૭૩ એની મુક્તિમાં થયેલ હુકમોની પણ જે તે કચેરીઓમાં ક્રોસ વેરિફિકેશન કરવામાં આવ્યા**

(પ્રતિનિધી) દાહોદ, તા.4
મામલતદાર-સિટી સર્વે કચેરીમાંથી સૌથી વધુ શંકાસ્પદ સર્વે નંબરો દાહોદમાં બોગસ બિનખેતી પ્રકરણમાં તાજેતરમાં વહીવટી તંત્ર દ્વારા ૧૭૮ જેટલા શંકાસ્પદ સર્વે નંબરોની યાદી સાર્વજનિક કરી હતી. જેમાં કલેકટરના નિર્દેશો અનુસાર પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં ૫૦ જેટલા કર્મચારીઓની ટીમ બનાવી ૯૫૦૦ પ્રોપર્ટી કાર્ડમાંથી ૯૩૪ જેટલા સર્વે નંબરોની તપાસ હાથ ધરતા ૧૭૮ સર્વે નંબરો શંકાસ્પદ તરીકે ગણવામાં આવ્યા છે. આમ તો સર્વે નંબર ૩૦૩ ૩૦૫ ૩૦૬ તેમજ સરવે નંબર ૩૭૬/૧/૧/૪ માં ફરિયાદ દાખલ થયા બાદ પ્રકાશમાં આવ્યું હતું. મામલતદાર કચેરી, પ્રાંત કચેરીનો તમામ સ્ટાફ, ૯ જેટલા રેવન્યુ તલાટી, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, સિટી સર્વે, તેમજ ડી.એલ.આર, ડી. એલ. આઈ. આર.સહિત ૫૦ જણાની ટીમ દરરોજ રૂટિન કચેરીના કામની સાથે ૨૦૧૦થી ૨૦૨૪ સુધીના તમામ બિનખેતીના હુકમોની ખરાઈમાં જોડાઈ હતી. જેમાં પ્રાંત અધિકારી એન.બી. રાજપૂતને અધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા.

જોકે કલેકટર યોગેશ નિરગુડેના માર્ગદર્શનમાં વહીવટી તંત્રની ઉપરોક્ત ટીમોએ બિનખેતીના હુકમોની ખરાઈ સાથે સાથે ૭૩ એની મુક્તિમાં થયેલ હુકમોની પણ જે તે કચેરીઓમાં ક્રોસ વેરિફિકેશન કરવામાં આવ્યા હતા. દાહોદની ૯,૫૦૦ જેટલા પ્રોપર્ટીકાર્ડમાંથી વહીવટી તંત્રએ ૬૧ જેટલા સર્વે નંબરોમાં ૭૩ છછ, ૮૮૬ જેટલા સર્વે નંબરોમાં બિનખેતી મળી કુલ ૯૨૯ જેટલા સર્વે નંબરોની ચકાસણી કરવામાં આવી હતી.

જેમાં ૧૭૮ જેટલા સર્વે નંબરો શંકાસ્પદ તરીકે જાહેર કરવામાં આવ્યા છે. મામલતદાર કચેરીમાં ૧૨૪ સર્વે નંબરો સ્કેન કરવામાં આવ્યા હતા. જેમાં ૩૬ માં સાચા હુકમો જ્યારે ૮૮ માં શંકાસ્પદ હુકમો મળી આવ્યા હતા. તેવી જ રીતે જિલ્લા પંચાયતમાં બિનખેતીના ૧૩૧ સર્વે નંબરોમાંથી ૧૨૯ જેટલા સર્વે નંબરોમાં સાચા હુકમો મળી આવ્યા છે.

જ્યારે બે સર્વે નંબરોમાં શંકાસ્પદ હુકમો મળી આવ્યા છે. પરંતુ જિલ્લા પંચાયતમાં ૬૧ જેટલા ૭૩એ એના હુકમોની પણ ખરાઈ કરવામાં આવી હતી. જેમાં ૫૮ જેટલા હુકમો સાચા મળ્યા હતા. જ્યારે ત્રણ સર્વે નંબરો ૩૦૧/૧૦૬ સર્વે નંબર ૨૫૧ તેમજ સરવે નંબર ૩૮માં ૭૩ એએના શંકાસ્પદ હુકમો મળી આવ્યા છે.

---

#### દાહોદના હિંગલા ગામે કાચુ મકાન ધરાશાયી

## ઘરમાં સુઈ રહેલા 43 વર્ષીય વ્યક્તિનુ દટાઈ જવાથી મોત

**સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી**

(પ્રતિનિધી) દાહોદ, તા.4
દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાવા હિંગલા ગામે ભારે વરસાદને પગલે એક કાચુ મકાન ધરાશાઈ થઈ જતાં ઘરમાં ઉંઘુ રહેલ એક ૪૩ વર્ષિય વ્યક્તિ પડી ગયેલ ઘર નીચે દબાઈ જતાં મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૦૩ સપ્ટેમ્બરના રોજ ફતેપુરા તાલુકામાં ભારે વરસાદ પડ્યો હતો. ફતેપુરામાં ધોધમાર વરસાદને પગલે સર્વત્ર વરસાદી પાણી છવાઈ ગયાં હતાં ત્યારે બીજી તરફ વરસતા વરસાદ વચ્ચે ફતેપુરાના હિંગલા ગામે રાત્રીના ચારેક વાગ્યાના આસપાસ હિંગલા ગામે કાછલા ફળિયામાં રહેતાં રસીલાબેન મનસુખભાઈ ભાભોર તથા તેમના પરિવારજનો ઘરમાં મીઠી નીંદર માણી રહ્યાં હતાં તે સમયે અચાનક તેઓનું કાચુ ઘર પવન સાથે વધુ વરસાદ પડતાં ઘર પડી ગયું હતું જેને પગલે તફરીનો માહૌલ સર્જાઈ જવા પામ્યો હતો. કાચુ ઘર પડી જતાં ઘરની નીચે રમીલાબેનના પતિ મનસુખભાઈ વાલજીભાઈ ભાભોર દબાઈ ગયાં હતાં અને તેઓનું મોત નીપજ્યું હતું. ઘટનાને પગલે પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી. ઘટનાની જાણ આસપાસના લોકોને થતાં લોકટોળા ઘર તરફ ઉમટી પડ્યાં હતાં.

આ સંબંધે રમીલાબેન મનસુખભાઈ ભાભોર દ્વારા સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

---

## ટેમ્પોમાં 12 ટન માંસની હેરફેરીના આરોપીઓને નિર્દોષ છોડી મુકવા કાલોલ કોર્ટનો આદેશ

(પ્રતિનિધી) કાલોલ, તા.4
ગત તા ૦૯/૧૧/૨૦૧૩ ના રોજ વેજલપુર પોલીસ દ્વારા ગોધરાથી ગેરકાયદેસર રીતે મોટા પશુઓની કતલ કરી પોતાના ફાયદા માટે બાર ટન જેટલા માસનો જથ્થો આઈશર ટેમ્પો મા ભરીને પૂરઝડપે આવી રેલીંગ તોડી ટ્રેલર ને અથડાવી માસ નુ પરિવહન કરતા ઝડપાયુ હતુ જેમા કુલ ત્રણ આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી ચાર્જશીટ ફાઈલ કરી હતી જેમા યામીન ઘાંચી (એબેટ) સુલેમાન ઈશાક હસન રે. ગોધરા અને મુસ્તુફા ગફુરભાઈ મન્સુર રે અમદાવાદ કે જેઓ ટેમ્પા સાથે પકડાયેલ તેઓ સામે પશુ સંરક્ષણ અધિનિયમ અને મોટર વ્હીકલ એક્ટ તથા ભારતીય દંડ સંહિતા ની કલમ હેઠળ કાર્યવાહી કરી હતી જેનો કેસ કાલોલ ના એડી ચીફ જ્યુ મેજિસ્ટ્રેટ ની કોર્ટ મા ચાલી જતા આરોપીઓ તરફે એડવોકેટ પી. આર પટેલ હાજર રહી દલીલો કરી હતી. ફરિયાદ પક્ષે ગુનાની તપાસમા ખુબ ત્રુટી દાખવી હોવાના અવલોકન સાથે કોર્ટે નોધ્યું છે કે ફરિયાદમાં બન્ને પંચો હોસ્ટાઈલ થયા હતા. આરોપીઓની ઓળખ પરેડ નુ કોઈ પંચનામુ કરવામાં આવ્યું નથી. તપાસ કરનાર અમલદારે કોઈ સ્વતંત્ર સાહેદો ના નિવેદન લીધા નથી. ઉલટ તપાસમાં ટેમ્પા ના ચાલકનું નામ જણાવેલ નહી હોવાનુ તેમજ ક્યા વાહન મા બેસી ગયા હતા તે નિવેદનમાં જણાવેલ નથી તે હકીકત સ્વીકારી છે. ટેમ્પા ના માલિકી હક્ક અંગેનો કોઈ પુરાવો રજૂ કરવામાં આવ્યો નથી. તેથી ફરીયાદ પક્ષ મૌખિક અને દસ્તાવેજી પુરાવા દ્વારા આરોપીઓ વિરુદ્ધ નો ગુનો નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોઈ કાલોલના ચીફ જ્યુ મેજિસ્ટ્રેટ એસ એસ પટેલ દ્વારા સીઆરપીસી કલમ ૨૪૮(૧) મુજબ આરોપીઓ ને નિર્દોષ જાહેર કરી છોડી મુકવાનો આદેશ કર્યો છે.

---

#### જિલ્લામાં હવે માત્ર છ માર્ગો કોઝ વે પર ઓવરટેપિંગના કારણે બંધ હાલતમાં

## વડોદરા જિલ્લામાં માર્ગ મકાન વિભાગ દ્વારા 48 રસ્તાઓનું સમારકામ શરૂ




(પ્રતિનિધી) વડોદરા, તા.4
વડોદરા જિલ્લામાં ભારે વરસાદ અને પૂરના કારણે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના માર્ગ મકાન રાજ્ય અને પંચાયત હસ્તકના રસ્તાઓ ક્ષતિગ્રસ્ત થતાં નુકશાન થયું હતુ. આ રસ્તાઓના રિપેરીંગ, રી-સરફેસીંગ અને મેટલવર્ક કરવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. વડોદરા જિલ્લામાં ભારે વરસાદને કારણે માર્ગ મકાન વિભાગ સ્ટેટ અને પંચાયતના કુલ ૫૪ માર્ગો પ્રભાવિત થયા હતા. માર્ગ મકાન વિભાગ દ્વારા આ માર્ગોને શરૂ કરવા માટે યુદ્ધના ધોરણે કામગીરી કરવામાં આવી હતી.જે પૈકી કુલ ૪૮ માર્ગો પુન: શરૂ કરી દેવામાં આવ્યા છે.

માર્ગ મકાન પંચાયત વિભાગના કાર્યપાલક ઈજનેર શ્રી નાયકાવાલાએ જણાવ્યું હતું કે વડોદરા જિલ્લામાં પૂરના કારણે પંચાયત હસ્તકના કુલ ૪૬ રસ્તાઓ બંધ કરવામાં આવ્યા હતા. પૂરના પાણી ઓસરતાં જિલ્લા પંચાયત માર્ગ મકાન વિભાગ દ્વારા આ રસ્તાઓની મરામત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી.જે પૈકી ૪૧ રસ્તાઓનું રીપેરીંગ, ખાડા પુરાણ, મેટલ પેચવર્ક, સહિતની કામગીરી કરીને રસ્તાઓને પૂર્વવત કરવામાં આવ્યા છે.જિલ્લામાં હાલમાં કરજણ તાલુકામાં ત્રણ,પાદરા અને વાઘોડિયામાં એક એક માર્ગ પાણી ભરાવ અને કોઝ વે પર ઓવરટેપિંગના કારણે બંધ હાલતમાં છે.જે પાણી ઓસર્યા બાદ શરૂ થશે. માર્ગ મકાન પંચાયત વિભાગ દ્વારા સમગ્ર જિલ્લાના ૪૧ રસ્તાઓનું સમારકામ કરવામા આવ્યું છે. જે માટે અંદાજિત ૧૨૫૦ ક્યુ. મીટર વેટમિક્ષ/રબરના જથ્થાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

---

### પીપલોદ ગામે મકાનમાંથી રૂા.71 હજારની મતાની ચોરી

(પ્રતિનિધી) દાહોદ, તા.4
દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના પીપલોદ ગામે એક બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી મકાનમાંથી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડા રૂપીયા મળી કુલ રૂા.૭૧,૦૦૦ની મત્તાની ચોરી કરી તસ્કરો અંધારાનો લાભ લઈ નાસી જતાં વિસ્તારમાં ફફડાટ સાથે ચકચાર મચી જવા પામ્યો હતો.ગત તા.૦૨ સપ્ટેમ્બરના રોજ દેવગઢ બારીઆના પીપલોદ ગામે નવી મસ્જીદ સામે દાહોદ ગોધરા રોડ બારીયા ત્રણ રસ્તા નજીક રહેતાં મનુભાઈ દેવચંદ માળીના બંધ મકાનમાં તસ્કરોએ રાત્રીના સમયે નકુચો તોડી મકાનમાં ઘુસી લોકર તોડી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડા મળીકુલ રૂા.૭૧,૦૦૦ની મત્તાની ચોરી કરી તસ્કરો નાસી જતાં આ સંબંધે મનુભાઈ દેવચંદભાઈ માળીએ પીપલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

---

#### તમામ પોલીસ મથકોએ પીઆઇની ફેરબદલી

## દાહોદ જિલ્લામાં નવા પીઆઈ આવતાં એસપીએ આંતરિક બદલીની ગંજીફો ચિપ્યો

(પ્રતિનિધી) દાહોદ, તા.4
દાહોદ જિલ્લામાં પીઆઈના ઓછા મહેકમને કારણે કેટલાંક પોલીસ મથકો પીએસઆઈથી ચલાવવામાં આવતાં હતાં. ત્યારે થોડા સમય પહેલાં દાહોદ જિલ્લામાં નવા પીઆઇ આપવામાં આવતાં એસ.પી દ્વારા બદલીઓનો ગંજીફો ચીપ્યો હતો. દાહોદ જિલ્લાના તમામ પોલીસ મથકોમાં પીઆઈની નિમણુંક સાથે કેટલાંક પી.આઈની આંતરિક બદલીઓ પણ કરવામાં આવી હતી.

દાહોદ પોલીસ વડા ડો.રાજદીપસિંહ ઝાલાએ મંગળવારના રોજ આંતરિક બદલીઓ કરીને એ ડિવિઝનના પીઆઈ ડી.ડી પઢીયારની સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં બદલી કરી હતી. તેવી જ રીત હાલમાં લીવ રિઝર્વમાં રહેલાં એ.એમ કામળિયાને એ ડિવિઝનમાં મુક્યા હતાં. લીવ રિઝર્વ પી.એમ જાડેજાની બી ડિવિઝનમાં નિમણુંક કરાઈ હતી.ત્યારે અહીંના પી.આઈ કે.આર રાવતની ગરબાડા ખાતે બદલી કરવા સાથે તેમને દાહોદ સીપીઆઈનો વધારાનો હવાલો પણ આપવામાં આવ્યો હતો. લીવ રિઝર્વ પી.આઈ વી.પી કનારાને દાહોદ તાલુકા પોલીસ મથકે, યુ.એમ ગાવિતને કતવારા,બી. વી ઝાલાને ધાનપુર,દાહોદના સીપીઆઈ એસ.વી વસાવાને લીમખેડા પોલીસ મથકે, લીવ રિઝર્વ એન.કે ચૌધરીને રંધિકપુર, એસ.એમ રાદડિયાને સંજેલી, દાહોદ તાલુકા પોલીસ મથકના કે.સી વાઘેલાને ફતેપુરા, ઝાલોદના સીપીઆઈ એચ.સી રાઠવાને ઝાલોદ,દેવગઢ બારિયાના સીપીઆઈ કે.કે રાજપુતને લીમડી, લીમખેડાના પીઆઈ જે.એમ ખાંટને ચાકલિયા અને લીવ રિઝર્વ પીઆઈ એમ.એસ વરૂને દેવગઢ બારિયાના સીપીઆઈ તરીકે નિમણુંક આપવામાં આવી હતી. આ સાથે ફતેપુરાના કે.સી વાઘેલાને ઝાલોદ સીપીઆઈનો વધારાનો ચાર્જ આપવામાં આવ્યો છે.

---

#### કાલોલ તાલુકાની બાકરોલ પ્રાથમિક શાળાનુ ગૌરવ

## શિક્ષક દિનેશ કુમાર પ્રજાપતિને મળશે રાજ્યનું શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક



(પ્રતિનિધી) કાલોલ, તા.4
દેશના બીજા રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણના જન્મદિવસ પર તેમના માનમાં ઉજવાતો શિક્ષક દિન. શિક્ષક એ દેશનું ભવિષ્ય છે, દરેક વ્યવસાય અને દરેક વ્યક્તિનું સરખું જ મહત્વ છે દેશના વિકાસમાં, પરંતુ એક શિક્ષકનું મહત્વ બધા કરતાં વધુ છે તેની ઉપર એક મહત્વની, ઉચ્ચતમ સ્તરની જવાબદારી છે આથી એક શિક્ષક દેશનું ભવિષ્ય બનાવનારનો આધાર સ્તંભ છે. આવા કર્મનિષ્ઠ શિક્ષકોની વાત થતી હોય અને એમાં પણ આવતીકાલે ગુજરાત રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક સમારોહમાં શ્રેષ્ઠ શિક્ષકોને સન્માનવાની વાત હોય, ત્યારે પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાની બાકરોલ પ્રાથમિક શાળામાં પ્રાથમિક શિક્ષક તરીકે ફરજ બજાવતા દિનેશકુમાર શંકરલાલ પ્રજાપતિ વિશે થોડું જાણીએ.. ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક સમારોહમાં તેમને એવોર્ડથી સન્માનવામાં આવશે. આ કર્મનિષ્ઠ અને શ્રેષ્ઠ શિક્ષકની વાત અનોખી છે. તેમણે પ્રોજેક્ટ વીર ગાથા ૩.૦ અને વિદ્યા અમૃત મહોત્સવ અંતર્ગત બાકરોલ પ્રાથમિક શાળાનું અને ગુજરાત રાજ્યનું શિક્ષણક્ષેત્રે રાષ્ટ્રીય કક્ષાએ ગૌરવ વધાર્યું છે. જી.સી.ઈ.આર.ટી ગાંધીનગર ખાતે આયોજિત રમકડાં મેળા, કલા મહોત્સવ, રિસર્ચ પેપર પ્રેઝન્ટેશન, ક્રિયાત્મક સંશોધન, ગણિત વિજ્ઞાન પ્રદર્શન, બાળ મેળા, ઈનોવેશન, ગ્રીષ્મોત્સવ, દીપોત્સવી, યોગ ચેલેન્જ, રમતોત્સવમાં વિદ્યાર્થીઓને ભાગ લેવડાવીને જિલ્લા કક્ષાએ તથા રાજ્યકક્ષાએ શાળાનું ગૌરવ વધાર્યું છે.

---

## હાલોલ 181 ટીમની મદદથી વિધવા વહુને ત્રાસ આપતા સાસુ-સાસરાને સમજાવી સુખદ નિરાકરણ

(પ્રતિનિધી) કાલોલ, તા.4
કાલોલ તાલુકાના એક ગગામમાંથી એક મહિલાનો કોલ આવેલ અને જણાવેલ કે મારા સાસુ સસરા મને ઘરમાં રહેવા દેતા નથી અને મારા પતિના મૃત્યુ બાદ મને ઘરમાંથી કાઢી મૂકવાની કોશિશ કરે છે અને ગાળો બોલે મારપીટ કરવા આવે છે તેમજ ધમકી બતાવે છે તેમ..તેથી ૧૮૧ અભયમ ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી

ત્યારે મહિલાએ પોતાની આપવીતી જણાવેલ કે મારા બે સંતાનો છે અને પતિ એક મહિના પહેલા મૃત્યુ પામ્યા છે તેથી હું મારા બે બાળકો લઈને સાસુ સસરા સાથે રહું છું ત્યારે સસરા વ્યસન કરી ઝઘડો કરે બીજી વ્યક્તિ પર શંકાઓ કરે અને ધમકી આપી રોજ હેરાન કરે તેમજ સાસુ પણ માનસિક ટોર્ચર કરે છે ઘરમાં કામ બાબતે નાની નાની વાતમાં ઝઘડા કરે છે.

હવે તેઓ તેમાંથી મુક્ત થવા માંગતા હોય અને કાયમી શાંતિ ઈચ્છતા હોય જેથી તેમણે ૧૮૧ મહિલા હેલ્પલાઈનમાં ફોન કર્યો હતો.મહિલાની તમામ હકીકતો સાંભળી અભયમ ટીમે તેમ નું કાઉન્સિલિંગ કર્યું હતું ત્યારબાદ વિધવા વહુ નહિ પણ દિકરી સમજી તેની સાથે સારી રીતે રહીશું તેવી બાહેધરી આપી હતી.

---

### દાહોદ જિલ્લામાં વરસાદ બાદ રસ્તા રીપેરીંગનુ કામ પુરજોશમાં શરૂ, લીમખેડામા અનેક રસ્તાઓનુ મરામત કરી લોકોને પડતી હાલાકીથી છુટકારો અપાવતી માર્ગ અને મકાનની ટીમ




**દાહોદ :** સમગ્ર દાહોદ જિલ્લામાં વરસાદ અને પુરના કારણે થયેલા રોડ-રસ્તાના નુકશાનને વરસાદે વિરામ લેતા ત્વરીત મરામત હાથ ધરવામાં આવી છે. દાહોદ જિલ્લાની સાથોસાથ લીમખેડા તાલુકાના રસ્તાઓને પણ વરસાદના કારણે ઘણુ નુકસાન થવા પામ્યુ હતુ, જેના કારણે વાહન વ્યવ્હાર માટે વાહન ચાલકોને ઘણી મુશ્કેલી પડતી હતી. જેના કારણે માર્ગ અને મકાન વિભાગની ટિમ દ્વારા એ તમામ રસ્તાઓનું મરામત કરવાની કામગીરી કરી હતી. માર્ગ અને મકાન વિભાગની ટીમ દ્વારા રોડ અને રસ્તાની મરામત કામગીરી તાત્કાલીક ધોરણે હાથ ધરવામા આવી રહી છે જે નોંધનીય છે.